કોઈપણ કિંમત પર સમાચાર

PRGI : GJGUJ/25/A4373

# સાબર રીપોર્ટર ન્યુઝપેપર

WEEKLY સાપ્તાહિક GUJARATI

તંત્રી : બાદશાહખાન અજબખાન પઠાણ

SABAR REPORTER NEWSPAPER - EDITOR : BADSHAHKHAN AJABKHAN PATHAN - WWW.SABARREPORTERNEWSPAPER.IN

રજિસ્ટર્ડ સરનામુ 892, મુસ્લિમ વિસ્તાર, મુ.પો.ગંભીરપુરા , તા.ઇડર, જી.સાબરકાંઠા -383430 મો.98986 93985 E MAIL : badshahpathan@gmail.com

તા. ૨૩/૦૨/૨૦૨૬ | અંક નં.: ૮ | પાના ૪ | વર્ષ: ૧ | કિંમત: રૂ ૨ | વાર્ષિક: રૂ ૧૦૦ | Date: 23/02/2026 | Issue No.: 8 | Page: 4 | Year: 1 | Price: ₹2 | Yearly: ₹100

## વડાલીના થુરાવાસ ગામે જિલ્લા કલેકટર લલિત નારાયણ સિંઘ સાંદુની અધ્યક્ષતામાં રાત્રિ ગ્રામસભા યોજાઇ



સાબરકાંઠા જિલ્લાના વડાલી તાલુકાના થુરાવાસ ગામે જિલ્લા કલેકટર લલિત નારાયણ સિંઘ સાંદુની અધ્યક્ષતામાં “રાત્રિ ગ્રામસભા” યોજાઇ હતી.આ ગ્રામસભા નાગરીકોના પ્રશ્નોના સ્થળ પર જ નિકાલના ઉમદા હેતુ સાથે યોજવામાં આવી. આ સભામાં ગ્રામજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઇ ગામના પાયાના પ્રશ્નો અને અન્ય સરકારી યોજનાઓનો અમલીકરણ અંગે રજુઆતો કરી હતી. કલેકટર એ ગ્રામજનોની રજુઆતોને શાંતિપૂર્વક સાંભળી વિવિધ વિભાગના અધિકારીઓને લોકો દ્વારા કરવામાં આવેલી રજુઆતોનું ઝડપી અને ગુણવત્તાયુક્ત નિરાકરણ લાવવા સુચનો કર્યા હતા.આ રાત્રી સભામાં જિલ્લા વિકાસ અધિકારી હર્ષદવોરા જિલ્લા પોલીસ અધિક્ષક ડૉ.પાર્થરાજ સિંહ ગોહિલ, ગ્રામ વિકાસ એજન્સી નિયામક પાટીદાર ,મામલતદાર, તાલુકા વિકાસ અધિકાર તેમજ જિલ્લાના તમામ અધિકારીઓ, તાલુકા કક્ષાના અધિકારીઓ તેમજ ગામના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## હિંમતનગર-ઇડર હાઈવે પર ધાણધા પાસે વૃદ્ધનો અર્ધનગ્ન હાલતમાં મૃતદેહ મળ્યો



હિંમતનગર-ઇડર હાઈવે પર ધાણધા પાસે વૃદ્ધનો અર્ધનગ્ન હાલતમાં મૃતદેહ મળ્યો લાલા દાળ મિલ નજીક બાવળની ઝાડીઓમાંથી લાશ મળતા વિસ્તારમાં ચકચાર મૃતક ગોપાલભાઈ શંકરભાઈ ઓડ (ઉ.વ. 55), રહેવાસી ભવાની સોસાયટી, ધાણધાગઈકાલે કામ પર નીકળ્યા બાદ ઘરે પરત ન ફરતા પરિવારજનો ચિંતિતબી ડિવિઝન પોલીસ સ્ટેશનની ટીમ સ્થળ પર પહોંચી, તપાસ શરૂએફએસએલ ટીમને પણ બોલાવવામાં આવી પરિવારજનો દ્વારા હત્યાની આશંકા, યોગ્ય તપાસની માંગ પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ વધુ ખુલાસાની શક્યતા છે.

### પરિવારજનોએ હત્યાની આશંકા વ્યક્ત કરી તપાસની માંગ કરી, પોલીસ અને એફએસએલ ટીમે તપાસ શરૂ કરી છે

## હિંમતનગરના બેરણા ખાતે રક્તદાન કેમ્પમાં ૭૧ યુનિટ રક્ત એકત્રિત કરાયું



સાબરકાંઠા જિલ્લામાં સ્વૈચ્છિક રક્તદાનને પ્રોત્સાહન આપતા વધુ એક સફળ પ્રયાસ તરીકે હિંમતનગરના બેરણા ખાતે આયોજિત રક્તદાન કેમ્પમાં કુલ ૭૧ યુનિટ સંપૂર્ણ રક્ત એકત્રિત કરવામાં આવ્યું છે.હિંમતનગરના બેરણા ખાતે આયોજિત સ્વૈચ્છિક રક્તદાન કેમ્પ સફળતાપૂર્વક પૂર્ણ થયો છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દેસાસણ, જી.એમ.એ.આર.એસ. હિંમતનગર અને જાયન્ટ્સ સહિયર હિંમતનગરના સહયોગથી યોજાયેલા આ કેમ્પમાં કુલ ૭૧ યુનિટ સંપૂર્ણ રક્ત એકત્રિત કરવામાં આવ્યું. કેમ્પ પહેલા તબીબી ટીમ દ્વારા દાતાઓને માર્ગદર્શન અને જરૂરી તપાસ કરવામાં આવી હતી, જેના કારણે મોટી સંખ્યામાં લોકોએ ઉત્સાહપૂર્વક રક્તદાન કર્યું. જિલ્લા વિકાસ અધિકારીની સૂચના અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ સાબરકાંઠા જિલ્લામાં સેફ બ્લડ એન્ડ બ્લડ કોમ્પોનન્ટ થેરાપીને મજબૂત બનાવવા સતત રક્તદાન કેમ્પો યોજાઈ રહ્યા છે. એપ્રિલ ૨૦૨૫થી જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન આયોજિત ૪૧૩ કેમ્પોમાં કુલ ૧૩,૬૦૯ યુનિટ રક્ત સંગ્રહ કરવામાં આવ્યું છે, જે ઇમરજન્સી સારવાર, માતા-શિશુ આરોગ્ય અને ક્રિટિકલ કેર સેવાઓ માટે મહત્વપૂર્ણ સાબિત થઈ રહ્યું છે. સાબરકાંઠા જિલ્લામાં સ્વૈચ્છિક રક્તદાનની મજબૂત વ્યવસ્થા દ્વારા સુરક્ષિત રક્ત ઉપલબ્ધતા વધારવાના પ્રયત્નો સતત આગળ વધી રહ્યા છે.

## સીટી સર્વેની કચેરી કલોલ ના સીનીયર સર્વેયર અને સર્વેયર એ.સી.બી. ની ટ્રેપમાં લાંચ લેતા પકડાયા

બનાવની વિગત એવી છે કે સીટી સર્વેની કચેરી કલોલ ખાતે જમીનની નોંધ પાડવા સારૂ એક નોંધના રૂ.૫,૦૦૦/- લેખે લાંચ લેવામાં આવે છે. જે અન્વયે આજરોજ તા.૧૯/૦૨/૨૦૨૬ ના રોજ ડીકોયરશ્રી નાઓનો સહકાર મેળવી લાંચના છટકાનુ આયોજન કરતાં લાંચના છટકા દરમ્યાન આરોપી નં.૧ પંકજકુમાર ગોવિંદભાઇ પરમાર, સીનીયર સર્વેયર, સીટી સર્વે કચેરી, કલોલ, જી.ગાંધીનગર તથા આરોપી નં. ૨ રાજકુમાર હર્ષદકુમાર જયસ્વાલ ઉ.વ.૩૧, સર્વેયર, સીટી સર્વેની કચેરી, કલોલ, તા.કલોલ જી.ગાંધીનગર નાઓએ ડીકોયર સાથે હેતુલક્ષી વાતચીત કરી એક નોંધના રૂ.૫૦૦૦/- લેખે ૧૦ નોંધના કુલ રૂ.૫૦,૦૦૦/- લાંચના નાણાં ડીકોયર પાસેથી સ્વિકારી, બંને આરોપી પકડાઇ જઇ, પોતાના રાજ્ય સેવક તરીકેના હોદ્દાનો દૂર ઉપયોગ કરી, ગુનાહીત ગેરવર્તણુક કરી, ગુનો કરેલ છે. આ સફળ ટ્રેપ કરનાર શ્રી શ્રી એચ.બી.ચાવડા ફીલ્ડ પો.ઇન્સ. એ.સી.બી. ગાંધીનગર એકમ તથા સ્ટાફને સુપરવિઝન અધિકારી શ્રી એ.કે.પરમાર મદદનીશ નિયામક ગાંધીનગર એ.સી.બી. એકમને ઇન્ચાર્જ અધિકારી શ્રી હરેશ મેવાડા નાયબ નિયામક અમદાવાદ રેન્જના માર્ગદર્શન હેઠળ આ સફળ ટ્રેપ નું આયોજન કરવામાં આવેલ હત

## કલોલ તાલુકા પંચાયત કચેરીના બ્લોક એન્જીનીયર લાંચ લેતા રંગે હાથ એ.સી.બી.ટ્રેપમાં ઝડપાયો

બનાવની વિગત એવી છે કે આ કામના ફરીયાદીના સરકારીશ્રીના ગાંધીનગર જીલ્લાના કલોલ તાલુકાના પાનસર,આરસોડીયા,ધાનજ તથા બોરીસણા ગામોમાં કરેલ કામોના બિલના અંદાજીત રૂ.૨,૬૦,૦૦૦/- મંજુર કરવાની અવેજમાં ફરીયાદી પાસેથી આ કામના આરોપી સાગરકુમાર જયંતીલાલ ભાલકીયા, બ્લોક એન્જીનીયર, (આઉટસોર્સ) વર્ગ-03, તાલુકા પંચાયત કચેરી કલોલ એ રૂા.૮,૦૦૦/- ની ગેરકાયદેસર લાંચની માંગણી કરેલ હતી. જે રૂા.૮,૦૦૦/- ની ગેરકાયદેસર લાંચની રકમ ફરિયાદીશ્રી આપવા માંગતા ન હોય તેઓએ પાટણ એ.સી.બી.નો સંપર્ક કરી પોતાની ફરિયાદ આપતા ફરિયાદીની ફરીયાદ આધારે તા.૧૮/૦૨/૨૦૨૬ ના રોજ તાલુકા પંચાયત કચેરી, કલોલ તા.કલોલ જિ.ગાંધીનગર મુકામે લાંચના છટકાંનું આયોજન કરતા લાંચના છટકા દરમ્યાન આ કામના આરોપી સાગરકુમાર જયંતીલાલ ભાલકીયા, બ્લોક એન્જીનીયર,(આઉટસોર્સ) વર્ગ-03, તાલુકા પંચાયત કચેરી કલોલ એ ફરિયાદી શ્રી સાથે હેતુલક્ષી વાતચીત કરી રૂા.૮,૦૦૦/- ની લાંચની માંગણી કરી, સ્વીકારી, પકડાઈ જઈ ગુન્હો કર્યા આ સફળ ટ્રેપ કરનાર શ્રી ડી.આર.ગઢવી,પોલીસ ઇન્સપેક્ટર, એ.સી.બી.પો.સ્ટે.પાટણ તથા સ્ટાફને સુપરવિઝન અધિકારી શ્રી કે.એચ.ગોહિલ,મદદનીશ નિયામક, એ.સી.બી. બોર્ડર એકમ, ભુજ.ને ઇન્ચાર્જ અધિકારી શ્રી બલદેવસિંહ વાઘેલા, નાયબ નિયામક, એ.સી.બી., રાજકોટના માર્ગદર્શન હેઠળ આ સફળ ટ્રેપ નું આયોજન કરવામાં

### રૂ.૮ હજારની લાંચ લેતા તાલુકા પંચાયત કલોલના બ્લોક એન્જિનિયર એ.સી.બી.ના સફળ છટકામાં ઝડપાયા

****************************************************************************************************

# સાબરકાંઠા જિલ્લામાં હથિયારો તથા ઉશ્કેરણીજનક પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ

જિલ્લામાં જુદા જુદા ખાનગી ઈનપુટ ધ્યાને લેતા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાય રહે તે માટે સાબરકાંઠા જિલ્લાના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ તેમને મળેલ અધિકારની રૂએ એક જાહેરનામાં દ્વારા સાબરકાંઠા જિલ્લામાં આગામી તા.૦૪/૩/૨૦૨૬ સુધીના સમયગાળા દરમિયાન નગરપાલિકા વિસ્તારમાં સબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી અને ગ્રામ્ય વિસ્તારમાં મામલતદારશ્રી અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય શસ્ત્રો , દંડ, તલવાર, ભાલા, ધોકા, બંદુક, ચપ્પુ, લાકડી, લાઠી, તથા શારિરીક ઈજા પહોંચાડી શકે તેવા કોઈપણ પ્રકારના સાધનો ધારણ કરવાની કે સાથે લઈ જવાની મનાઇ ફરમાવેલ છે. આ જાહેરનામામાં વધુમાં પથ્થરો અથવા ફેંકી શકાય તેવી કોઈપણ પ્રકારની વસ્તુઓ ફેંકવાની કે ધકેલવાના યંત્રો અથવા સાધનો ધારણ કરવાની એકઠાં કરવાની કે સાથે લઈ જવાની, વ્યક્તિઓ અથવા તેમના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા તૈયાર કરવાની દેખાડવાની, સળગાવવાની કે સાથે લઈ જવાની, કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા વિસ્ફોટક પદાર્થો ધારણ કરવાની કે સાથે લઈ જવાની, જેનાથી સુરૂચિનો ભંગ થાય અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવી ચેષ્ટા કરવાની, તેવા ચિત્રો – પત્રિકા – પ્લેર કાર્ડ અથવા વસ્તુ તૈયાર કરવાની અથવા ફેલાવો કરવાની કે સાથે લઈ જવાની, બૂમો પાડવાની – અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ શબ્દો પોકારવા તેમજ અશ્લીલ ગીતો ગાવા અથવા ટોળામાં ફરવાની તથા કોઈ સરઘસમાં જલતી અને પેટાવેલી મશાલ લઈ જવાની મનાઈ ફરમાવવામાં આવી છે. આ હુકમ સરકારી નોકર કે કામ કરતી વ્યક્તિ કે જેને તેમના ઉપરી અધિકારીશ્રીઓએ આવું કોઈપણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય તેવી વ્યક્તિ તથા જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રીટશ્રી, મામલતદારશ્રી અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીએ અથવા તેઓએ કે જેને શારિરીક અશક્તિના કારણે લાકડી / લાઠી લઈ જવાની પરવાનગી આપવામાં આવી હોય,ખેતી કામે ઓજારો લઈ જતા ખેડૂતો, તેવી વ્યક્તિઓને આ હુકમ લાગુ પડશે નહીં.જો કોઈપણ વ્યક્તિ આ જાહેરનામાનો ભંગ કરશે કે તેમ કરવામાં મદદગારી કરશે તો તે દંડ અને શિક્ષાને પાત્ર થશે.

---

# સશસ્ત્ર દળોના ગણવેશના બિનઅધિકૃત વેચાણ-ઉપયોગ પર ૨૧ એપ્રિલ સુધી પ્રતિબંધ, ભંગે કડક કાર્યવાહી

રાજ્યના વિવિધ શહેરોમાં સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોના ગણવેશ તથા તેની સામ્ય ધરાવતા વસ્ત્રોનુ વેચાણ તેનો ઉપયોગ થતો હોય છે. આવા વસ્ત્રો ધારણ કરી અસામાજિક તત્વો દ્વારા દેશદ્રોહી/ ગેર કાયદેસર પ્રવૃતિ થવાનો સંભવ છે. જેના કારણે રાષ્ટ્રીય સુરક્ષાને ગંભીર ખતરો ઉદભવી શકે છે. સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં બજારમાં બીન અધિકૃત રીતે વેચાણ તથા ઉપયોગમાં લેવાતા સશસ્ત્ર દળોના ગણવેશ (પોશાક) તથા અન્ય ચીજ વસ્તુઓના વેચાણ તથા ઉપયોગ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.આ હુકમ ૨૧/૪/૨૦૨૬ સુધી અમલમાં રહેશે. આ આદેશનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહીતા,૨૦૨૩ કલમ ૨૨૩ હેઠળ સજા/દંડને પાત્ર રહેશે રાષ્ટ્રીય સુરક્ષા હિતે સૈનિક ગણવેશના ગેરકાયદેસર વેચાણ પર સરકારનો કડક પ્રતિબંધ.

---

# ખુલ્લા બોરવેલની ઘટનાઓને પગલે સાબરકાંઠામાં કડક પ્રતિબંધાત્મક આદેશ: ફેન્સિંગ ફરજિયાત

રાજયમાં વિવિધ સ્થળોએ છેલ્લા ઘણા સમયથી ખુલ્લા બોરવેલમાં બાળકો પડી જવાની ઘટનાઓ બનતા આ ગંભીર બાબતને નિવારવા માટે રાજય સરકારે તકેદારીના ભાગરૂપે પ્રતિબંધક આદેશ બહાર પાડયા છે.જે અંતર્ગત સાબરકાંઠા જિલ્લા કલેક્ટરશ્રી લલિત નારાયણ સિંઘ સાંદુને મળેલી સત્તાની રૂએ કેટલાક પ્રતિબંધાત્મક આદેશો જાહેર કર્યા છે. જેમાં જિલ્લામાં જે તે વિસ્તારમાં બોરવેલ બનાવતા પહેલા સંબંધીત વિભાગની મંજુરી મેળવી હોયતો તેની જાણ નજીકના પોલીસ સ્ટેશનમાં બોર માલીક અથવા બોર એજન્સી ધ્વારા જાણ કરવાની રહેશે. બોરવેલ બનાવ્યા બાદ કોઇ બાળક કે પ્રાણીઓ પડી જાય ને તેથી કોઇ જાનહાનિ થાય નહિ તે માટે બોરવેલની આસપાસના વિસ્તારમાં મજબુત ફેનસીગ વાડ કે ફરતી દિવાલ કરવાની રહેશે અને તે અંગેની જાણ પોલીસ સ્ટેશનને કરવાની રહેશે ઉપરાંત જુના તથા બંધ પડેલ કે અવાવરી પરીસ્થિતમાં હોય તેવા બોરવેલ જમીન માલિકોને ઉપરોકત બાબતોની ખાસ તકેદારી રાખવા જણાવાયું છે. આ હુકમ ૨૧/૪/૨૦૨૬ સુધી અમલમાં રહેશે. આ આદેશનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહીતા,૨૦૨૩ કલમ ૨૨૩ હેઠળ સજા/દંડને પાત્ર રહેશે.

---



# "રક્તદાન એ જ મહાદાન" નાદરી ગામે રક્તદાન કેમ્પ યોજાયો : કુલ ૩૫ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું

સાબરકાંઠા જિલાના વડાલી તાલુકાના નાદરી ગામે આયુષ્માન આરોગ્ય કેન્દ્ર દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો હતો, જેમાં કુલ ૩૫ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું. ગ્રામજનોમાં રક્તદાન અંગે જાગૃતિ ફેલાવવાની સાથે જરૂરિયાતમંદ દર્દીઓને સમયસર રક્ત ઉપલબ્ધ થાય તેવો ઉમદા હેતુથી આ કેમ્પ યોજાયો હતો.આ સફળ આયોજન પાછળ આરોગ્ય ટીમનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો હતો, જેમાં CHO હિરલબેન, FHW રેખાબેન તથા MPHW યોગેશભાઈએ ગ્રામજનો સાથે સતત સંપર્ક જાળવીને પ્રેરણાદાયક કામગીરી કરી હતી. નાદરી ગામનો આ સરાહનીય પ્રયાસ અન્ય ગ્રામ્ય વિસ્તારો માટે પણ રક્તદાન જેવી સામાજિક સેવાકીય પ્રવૃત્તિઓ માટે માર્ગદર્શક અને પ્રેરણારૂપ સાબિત થશે. ગ્રામ્ય સ્તરે આરોગ્ય સેવાઓની સક્રિયતા અને સમાજની સહભાગિતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતા આ આયોજનમાં મોટી સંખ્યામાં યુવાનો અને ગ્રામજનોએ સ્વૈચ્છિક રીતે જોડાઈને રક્તદાન કર્યું હતું.

---

# રાષ્ટ્રીય સુરક્ષા હિતે સાયકલ અને ટુ-વ્હીલર વેચાણકર્તાઓ માટે કડક નિયમો

ગુપ્તચર સંસ્થાઓન વખતો વખતના અહેવાલો તથા ભૂતકાળમાં બનેલી કેટલાક બનાવોથી જણાઈ આવે છે કે આતંકવાદી દ્વારા શહેરમાં શ્રેણીબદ્ધ બોમ્બ ધડાકાઓ કરી મોટી સંખ્યામાં જાનહાનિ તેમજ માલ મિલકતોને નુકસાન કરવામાં આવેલ. જે જોતા આતંકવાદી ત્રાસવાદી તત્વોને પોતાના મલિન ઈરાદાઓને અંજામ આપવા માટે સાયકલો તથા ટુ વ્હીલર વાહનો ઉપર સ્ફોટક પદાર્થો રાખી ભીડભાડવાળી જગ્યાઓમાં આવા સાયકલો તથા ટુ વ્હીલર વાહનોમાં બોમ્બ રાખી બ્લાસ્ટ કરી આતંકવાદી/ત્રાસવાદી કૃત્યને અંજામ આપેલ છે. આ સ્થિતિને નિવાળી શકાય અથવા તો અંકુશ મૂકી શકાય તે સારું સાઇકલ, સ્કૂટર તથા મોટરસાયકલ જેવા ટુ વ્હીલર વાહનો ખરીદનારની માહિતી રાખેલ હોય તો ત્રાસવાદી કૃત્ય કરનાર ગુનેગાર સુધી પહોંચી શકાય છે અને આવા બનાવો બનતા ગુનેગારને પકડવામાં સરળતા રહે છે. જેથી વર્તમાન રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાને લઇ જિલ્લામાં કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી સાઇકલ, સ્કૂટર તથા મોટરસાયકલ જેવા ટુ વ્હીલર વાહનો વેચનારા ઉપર કાયદાકીય નિયંત્રણ જરૂરી હોય નવી તથા જુની સાઇકલ સ્કૂટર તથા મોટરસાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનો ખરીદનારને અવશ્ય બિલ આપવું તથા તેની સ્થળપ્રત કબજામાં રાખવી. ખરીદનાર ગ્રાહકનું ડ્રાઈવિંગ લાઇસન્સ, પાનકાર્ડ, ઇલેક્શન કાર્ડ, રેશન કાર્ડ કે નોકરી કરતા હોય તો ત્યાંનું ઓળખકાર્ડ કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવા કે મ્યુનિસિપલ કોર્પોરેશન, ધારાસભ્યશ્રી, સંસદસભ્યશ્રી કોઈપણ ખાતાના રાજ્યપત્રિત અધિકારીશ્રી તરફથી મેળવેલ ઓળખપત્ર પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક પુરાવો /ઓળખ માટે ગ્રાહક પાસેથી આવી સાઇકલ,સ્કૂટર, મોટર સાઇકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનો વેચાણ કર્તાઓએ મેળવવાનો રહેશે. બિલમાં ખરીદનારનું પૂરું નામ, સરનામું ,સંપર્ક માટે ટેલિફોન મોબાઈલ નંબર લખવો. વેચાણ બિલમાં સાયકલ, સ્કૂટર તથા મોટરસાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનો ફ્રેમ નંબર, ચેચીસ નંબર,એન્જિન નંબર અવશ્ય લખવો. સાયકલ,સ્કુટર તથા મોટરસાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનો વેચાણ કરતાં કોઈ પણ પોલીસ અધિકારી તરફથી માંગણી કરવામાં આવે ત્યારે ઉપર મુજબની માહિતી/રેકોર્ડ ચકાસણી માટે રજુ કરવાના રહેશે.આ હુકમ ૨૧/૪/૨૦૨૬ સુધી અમલમાં રહેશે. આ આદેશનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહીતા,૨૦૨૩ કલમ ૨૨૩ હેઠળ સજા/દંડને પાત્ર રહેશે.

***************************

***************************

---

# સોના-ચાંદિના ઘરેણાંની ખરીદી કરનાર વેપારીઓએ રજીસ્ટર નિભાવવાના રહેશે

રાજયમાં બનતા ગુનાઓમાં સોના-ચાંદિના ઘરેણાંની ચોરીના ચેન-સ્નેચિંગના ગુનાઓનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુનાઓ આચરી ચોરી કરેલ ઘરેણાં-દાગીના-ચેનો-સોનું-ચાંદિ વગેરે તથા આવા દાગીના ઓગાળીને ચોરો લુટફાટ કરનારાઓના સોના ચાંદિ લે-વેચ કે શો-રૂમવાળા વેપારીઓને વેચાણ કરતા હોય છે અને ચોરીનો મુદ્દા માલ વેચવા આવનારની માલિકીનો માની વેચાણ આપનારના કોઇ ઓળખના પુરાવા કે કોઇ ચોકક્સ નામ/સરનામાની માહિતી મેળવ્યા સિવાય અજાણતામાં વેચાણ રાખતા હોય છે અને ચોરીની તપાસમાં છેવટે આવો મુદ્દા માલ વેચાણ રાખનાર પાસે કોઇ જ માહિતી ન હોવાના કારણે ચોરી કરનાર સુધી પહોંચવામાં પોલીસને પણ ખુબજ મુશ્કેલી અનુભવવી પડે છે અને અશકય પણ બની જાય છે. જે બાબતે કાયદો અને વ્યવસ્થા સંદર્ભે આવા સોના ચાંદિના દાગીના, વસ્તુઓ, દાગીના ઓગાળીને બનાવેલ ગઠ્ઠા જેવી વસ્તુઓ વેચાણ રાખનાર દુકાનદાર પાસે ઓખળના પુરાવા મેળવી તેની સત્યતા ચકાસી પછી જ ખરીદીનું લખાણ નામ, પુરુ સરનામુ, મો.નંબર, ટેલીફોન નંબર વગેરે મેળવી ઉપલબ્ધ રાખી દુકાનદાર વેપારી નિયત નમુનામાં રજિસ્ટર નિભાવી અવશ્ય નોંધવાનું રહેશે અને માન્ય તપાસ અધિકારી તપાસ માટે માગે ત્યારે તે રજુ કરવાનું રહેશે.આ જાહેરનામું તા. ૨૧/૦૪/૨૦૨૬ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

---

Owner, Publisher, Editor & Printer : Badshahkhan Ajabkhan Pathan 892, Muslim Vistar, At & Po. Gambhirpura, Taluka: Idar, District: Sabarkantha, Gujarat – 383430. Name & Address of Printing Press Print Magic Graphics Milkat No. 2567, Gambhirpura, Taluka: Idar, District: Sabarkantha, Gujarat – 383430. Place of Publication 892, Muslim Vistar, At & Po. Gambhirpura, Taluka: Idar, District: Sabarkantha, Gujarat – 383430.

*****************************************************************

# જિલ્લામાં મોટર સાયકલ અને ટુ વ્હીલર વાહનોની નંબર પ્લેટ બનાવનારાઓ માટે જરૂરી સૂચનાઓ

આતંકવાદીઓ દ્વારા સાયકલો તથા ટુ વ્હીલર વાહનો ઉપર સ્ફોટક પદાર્થો રાખી ભીડભાડવાળી જગ્યાઓમાં બોમ્બ બ્લાસ્ટ કરી આતંકવાદી/ત્રાસવાદી કૃત્યોને અંજામ આપવામાં આવે છે. જેથી મોટર સાયકલો/વાહનોના નંબર પ્લેટ બનાવનારાઓ ઉપર જાહેર વ્યવસ્થા, શાંતી,સલામતી અને દેશની સુરક્ષા માટે જિલ્લા મેજીસ્ટ્રેટ અને કલેકટરશ્રી,સાબરકાંઠા જિલ્લાએ સમગ્ર જિલ્લામાં મોટર સાયકલ, સ્કુટર, ટુ વ્હીલર તથા અન્ય વાહનોના નંબર પ્લેટ બનાવનારા, ચીતરનાર સંસ્થા, દુકાનદારોએ પાસે જયારે જયારે આવા સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલરો વાહનોની નંબર પ્લેટ બનાવવા આવે તે વખતે જરૂરી સુચનાઓનું અવશ્ય પાલન કરવાના હુકમ જારી કરાયા છે.તદ્દનુસાર આવા વાહનચાલકોનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ઈલેકશન કાર્ડ, રેશન કાર્ડ કે નોકરી કરતા હોય તો ત્યાંનુ ઓળખપત્ર કે શૈક્ષણિક સંસ્થાનુ પ્રમાણપત્ર કે સ્થાનીક અગ્રણીઓ જેવા કે મ્યુનીસીપલ કોર્પોરેટર, ધારાસભ્યશ્રી, સંસદસભ્યશ્રી કોઈપણ ખાતાના રાજયપત્રીત અધિકારીશ્રી તરફથી મેળવેલ ઓળખપત્ર/પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક પૂરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી મેળવવું. ઉપરાંત રજીસ્ટરમાં ગ્રાહકનું પૂરુ નામ, સારનામું, સંપર્ક માટે ટેલિફોન/મોબઈલ નંબર લખવો. સાયકલ, સ્કુટર કે મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હિલર વાહનોના નંબર પ્લેટ બનાવનારાઓ પાસેથી કોઈ પણ પોલીસ અધિકારી તરફથી માંગણી કરવામાં આવે ત્યારે ઉપર મુજબની માહિતી/રેકર્ડ ચકાસણી માટે રજૂ કરવાનું રહેશે. આ હુકમ તા. ૨૧/૦૪/૨૦૨૬ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

********************************

# શામળાજી-ચિલોડા હાઈવે પર મજરા ગામ પાસે ફ્લાયઓવરનું કામ ચાલુઃ ટ્રાફિકમાં ફેરફાર

શામળાજીથી મોટા ચિલોડા સુધીના નેશનલ હાઈવે પર મજરા ગામ (કિ.મી. 524+241) પાસે આવેલા ફ્લાયઓવર પર માળખાકીય સમસ્યાઓને કારણે સમારકામની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ કામગીરીને પગલે જાહેર સલામતી જાળવવા અને ટ્રાફિક વ્યવસ્થાપન માટે વહીવટી તંત્ર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.ફ્લાયઓવર પર RE પેનલ્સની કામગીરી શરૂ કરવામાં આવી હોવાથી મુખ્ય કેરેજવે (MCW) અને સર્વિસ રોડ પર RHS ટ્રાફિકની અવરજવર તાત્કાલિક અસરથી બંધ કરવામાં આવી છે.મજરા ગામ પાસે ફ્લાયઓવર પર સ્ટ્રક્ચરનું સમારકામ ચાલુ હોવાથી વાહનોને સર્વિસ રોડ પરથી ડાયવર્ટ કરવામાં આવ્યા છે.અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા દ્વારા જણાવવામાં આવ્યું છે કે, માર્ગ વપરાશકર્તાઓની સલામતી સુનિશ્ચિત કરવા અને કોઈ પણ અનિચ્છનીય ઘટના ન બને તે માટે આ વ્યવસ્થા કરવામાં આવી છે. હાઈવે પરથી પસાર થતા વાહનચાલકોને અસુવિધા ન થાય તે માટે ટ્રાફિક મેનેજમેન્ટના નિયમોનું પાલન કરવા અને વહીવટી તંત્રને સહકાર આપવા વિનંતી કરવામાં આવી છે.

********************

# પ્રાંતિજના કતપુર પાસેથી રૂા. ૧.૦૫ લાખના ૪૮૦ બિયરના ટીન પકડાયા

## રાજસ્થાનમાંથી ગુજરાતમાં વાહનોમાં બુટલેગરો બીયર સાથે વિદેશી દારૂનો જથ્થો લાવતા હોય છે ત્યારે કતપુર પાસે પકડાયેલ કારમાંથી માત્ર એક લાખનો બિયર ઝડપાયો પરંતુ દારૂ ક્યાં તે અંગે જિલ્લામાં લોક મૂખે તરહતરેહ ની ચાલતી ચર્ચાઓ ?



રાજસ્થાન થી સાબરકાંઠા જિલ્લાના જુદા જુદા માર્ગો ઉપર થઈ વિદેશી દારૂના જથ્થાની ગુજરાતના જુદા જુદા મથકો ઉપર હેરાફેરી થઈ રહી છે ત્યારે આ દારૂના દુષણ ને નાથવા માટે જિલ્લા પોલીસ વડા ડો. પાર્થરાજસિંહ ગોહિલે એલસીબી અને જુદા જુદા પોલીસ સ્ટેશનને આપેલ સૂચના અન્વયે પોલીસ દ્વારા જિલ્લાના જુદા જુદા માર્ગો અને મથકો ઉપર વોચ ગોઠવી અને બાતમીદારોને સક્રિય કરી વિદેશી દારૂ પકડવાની કામગીરી હાથ ધરી છે. ત્યારે પ્રાંતિજ પોલીસ સ્ટેશનની હદમાં આવેલ કતપુર ટોલટેક્ષથી ગામમાં જવાના રસ્તા પરથી જઈ રહેલ એક કારમાંથી અંદાજે રૂા. ૧.૦૫ લાખની ૪૮૦ બિયરના ટીન સાથે કારચાલકને મંગળવારે બાતમીને આધારે ઝડપી લીધો હતો ત્યારબાદ એલસીબીએ મોબાઈલ કાર તથા બિયરનો જથ્થો મળી અંદાજે રૂા. ૬.૧૦ લાખનો મુદ્દામાલ કબજે લીધો હતો. આ અંગે એલસીબી ના પીઆઇ ડી.સી સાકરીયા અને પીએસઆઇ આર.જે જાડેજા પાસેથી પ્રાપ્ત થયેલ વિગત મુજબ મંગળવારે તેમને એવી બાતમી મળી હતી કે હિંમતનગરથી પ્રાંતિજ ટોલનાકા તરફ આવી રહેલ કાર નં. જીજે૧૮બીએમ ૬૭૭૨ માં પાસ પરમીટ વિનાના બિયરના ટીનને અમદાવાદ તરફ લઈ જવાઈ રહી છે જે આધારે એલસીબીએ ટોલટેક્ષ નજીક રોડ પર આડશ મૂકી દીધી હતી.પરંતુ કારના ચાલકે પોતાની કાર ધીમી કરતા પોલીસે કારચાલક જીતેન્દ્ર નાથુલાલ ડામોર(મીણા)(રહે. સકલાલ, તા. ખેરવાડા)ને ઝડપી લીધો હતો ત્યારબાદ એલસીબીએ તેની પુછપરછ કરી ભાગી ગયેલ કાલુરામ આદિવાસી,હરેશ અને અનિલ દાદુભાઈ બરંડા મળી ચારેય વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી. અને એલસીબીએ રૂા. ૧.૦૫ લાખની બિયરના ૪૮૦ ટીન, રૂા. ૫ હજારનો મોબાઈલ તથા રૂા. ૫ લાખની કાર મળી અંદાજે રૂા. ૬.૧૦ લાખનો મુદ્દામાલ કબજે લીધો હતો.આવેલ હતું.



## હિંમતનગરમાં Innovation Club 'Sarathi-1' અંતર્ગત 10 દિવસીય (30 કલાક) યોજાયો વર્કશોપ

હિંમતનગર કેળવણી મંડળ સંચાલિત લૉ કોલેજ, હિંમતનગર ખાતે Innovation Club 'Sarathi-1' અંતર્ગત 10 દિવસીય (30 કલાક) વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.વર્કશોપ દરમ્યાન વિવિધ વિષયો પર નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમના ઉદ્ઘાટન પ્રસંગે મહાનુભાવો દ્વારા વિદ્યાર્થીઓને નવીન વિચારધારાઓ વિકસાવવા પ્રેરણા આપવામાં આવી હતી. સમાપન સમારોહમાં ઉપસ્થિત મહાનુભાવોએ ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કર્યા હતા.આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં નવીનતા, સર્જનાત્મકતા અને પ્રાયોગિક જ્ઞાન વધારવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. સમગ્ર આયોજન સફળતાપૂર્વક પૂર્ણ થયું હતું.

# વડાલી પોલીસ દ્વારા ચોરીના બે વાહન સાથે બે આરોપી ઝડપાયા




સાબરકાંઠા અને મહેસાણા જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી બાઈક ચોરીની ઘટનાઓ વધતી હોવાની ફરિયાદો સામે આવી રહી હતી. વિવિધ પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલી અરજીઓ અને ગુપ્તચર માહિતીના આધારે વડાલી પોલીસ સ્ટેશન દ્વારા વિશેષ ટીમ બનાવી સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી.ફરિયાદ મુજબ બાઈક ચોરીના બનાવોમાં એકસરખી રીત અપનાવવામાં આવતી હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી હતી. તે આધારે પોલીસ દ્વારા આસપાસના વિસ્તારોમાં સીસીટીવી ફૂટેજ ચકાસવામાં આવ્યા હતા તેમજ શંકાસ્પદ વ્યક્તિઓની હિલચાલ પર નજર રાખવામાં આવી હતી.તપાસ દરમ્યાન મળેલી ચોક્કસ બાતમીના આધારે વડાલી પોલીસની ટીમે બે શંકાસ્પદ વ્યક્તિઓને ઝડપી પાડ્યા હતા. પૂછપરછ દરમિયાન તેઓ સંતોષકારક જવાબ આપી શક્યા નહોતા. કડક પૂછપરછ કરતા બંને આરોપીઓએ બાઈક ચોરીના ગુનાઓ કબૂલ કર્યા હતા.પોલીસે તેમની પાસેથી અંદાજે રૂ. 3.3 લાખ કિંમતની બે મોટરસાયકલ કબ્જે કરી હતી. વધુ પૂછપરછમાં બહાર આવ્યું હતું કે આરોપીઓએ સાબરકાંઠા જિલ્લાના વડાલી, શહેર વિસ્તાર તેમજ મહેસાણા જિલ્લાના કેટલાક વિસ્તારોમાંથી બાઈક ચોરી કરી હતી. તેઓ ભીડભાડવાળા વિસ્તારોમાં પાર્ક કરેલી બાઈકને નિશાન બનાવી ચોરી કરતા અને પછી અન્ય જિલ્લામાં લઈ જઈ વેચાણ કરવાની કોશિશ કરતા હતા.આરોપીઓ અગાઉ પણ ચોરી સંબંધિત ગુનાઓમાં સંડોવાયેલા હોવાની માહિતી પોલીસ તપાસમાં સામે આવી છે. વડાલી પોલીસ સ્ટેશનમાં બંને સામે સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે અને વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે જિલ્લામાં વાહન ચોરીના ગુનાઓને રોકવા માટે સતત પેટ્રોલિંગ અને ચેકિંગની કામગીરી કરવામાં આવી રહી છે. સાથે જ નાગરિકોને પોતાના વાહનો સુરક્ષિત સ્થળે પાર્ક કરવા, લોક અને સિક્યુરિટી ઉપકરણોનો ઉપયોગ કરવા તથા કોઈ શંકાસ્પદ વ્યક્તિ જણાય તો તરત પોલીસને જાણ કરવા અપીલ કરવામાં આવી છે.આ કામગીરી વડાલી પોલીસ સ્ટેશનના અધિકારીઓના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક પાર પાડવામાં આવી હતી અને આગળ પણ આવા ગુનાઓ સામે કડક કાર્યવાહી ચાલુ રહેશે.

**********************************

****************************************************************************************

# ઈન્ડિયા AI ઈમ્પેક્ટ સમિટ - 2026ને પગલે ગુજરાત સરકારની પહેલ






વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી નવી દિલ્હીમાં યોજાઇ રહેલી ઇન્ડિયા AI ઇમ્પેક્ટ સમિટ 2026 અંતર્ગત ગુજરાતે AI ક્ષેત્રે એક મહત્વપૂર્ણ એમ.ઓ.યુ. કર્યા છે.આ સમિટમાં ઇન્વેસ્ટમેન્ટ પ્રમોશન એક્ટિવિટી અન્વયે ગુજરાત સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ અને લાર્સન એન્ડ ટુબ્રો વ્યોમાં વચ્ચે આ એમ.ઓ.યુ. ધોલેરા SIR ખાતે 250 મેગા વોટના હાઇ પર સ્કેલ, ગ્રીન AI રેડી ડેટા સેન્ટરની સ્થાપના માટે કરવામાં આવ્યા છે.વન, પર્યાવરણ અને સાયન્સ - ટેકનોલોજી મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાની વિશેષ ઉપસ્થિતિમાં થયેલા એમ.ઓ.યુ. દ્વારા L & T વ્યોમાં રૂ. 25 હજાર કરોડનું રોકાણ આ પ્રોજેક્ટમાં કરશે તેમજ સંભવત: 2028 સુધીમાં પ્રોજેક્ટ કાર્યરત થઈ જશે.આ એમ.ઓ.યુ. ગુજરાતને AI ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ક્લાઉડ કમ્પ્યુટિંગ, એડવાન્સ્ડ એનાલિટિક્સ અને સસ્ટેનેબલ ડિજિટલ ઇકોસિસ્ટમ માટે અગ્રણી હબ તરીકે સ્થાપિત કરવાના સહિયારા વિઝન તથા ગુજરાત IT/ITeS નીતિ (2022-27) સાથે સુસંગત છે.ધોલેરા SIRનો આ પ્રસ્તાવિત કેમ્પસ ઉચ્ચ અસરોવાળા રોકાણોને પ્રોત્સાહિત કરશે, નવીનતા આધારિત વિકાસને મજબૂત બનાવશે તેમજ કન્સ્ટ્રક્શન, કમિશનિંગ અને લાંબા ગાળાના ઓપરેશન્સમાં રોજગારીની નોંધપાત્ર તકોનું સર્જન કરશે. પ્રોજેક્ટ તે સંલગ્ન ઇકોસિસ્ટમના વિકાસથી પરોક્ષ રોજગારીનું સર્જન પણ થશે, તે ભવિષ્યના ડિજિટલ ટ્રાન્સફોર્મેશનના ચાલકબળ તરીકે ગુજરાતની ભૂમિકાને વધુ સુદૃઢ બનાવશે.આ એમઓયુ મુજબ, L&T વ્યોમા જમીનની યોગ્યતા, માળખાગત સુવિધાઓની સજ્જતા, ઉપલબ્ધતા ક્ષેત્રો (અવેલેબિલિટી ઝોન્સ) અને ટકાઉપણાના પરિમાણોને આવરી લઇને સંભાવનાઓનું વિગતવાર મૂલ્યાંકન કરશે, ગુજરાત સરકાર પોતાના સંબંધિત વિભાગો મારફતે એક સક્ષમ માળખા સાથે પ્રોજેક્ટને સરળ બનાવશે.આ સીમાચિહ્નરૂપ એમઓયુ હાઇપરસ્કેલ AI ડેટા સેન્ટરની સજ્જતાને સક્ષમ કરીને ભવિષ્યના ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ગુજરાતના નેતૃત્વને વેગ આપશે. તેમજ ગ્લોબલ ક્લાઉડ અને AI કંપનીઓને આકર્ષિત કરવાની રાજ્યની ક્ષમતામાં વધારો કરશે, AI ટ્રેનિંગ અને એડવાન્સ્ડ એનાલિટિક્સ જેવા ઉભરતા કાર્યબોજને સહયોગ તેમજ નવીનીકરણ, ઉચ્ચ મૂલ્યની નોકરીઓ અને ટકાઉ આર્થિક વિકાસ માટે એક સ્થિતિસ્થાપક પણ ઇકોસિસ્ટમનું નિર્માણ કરશે.ઈન્ડિયા AI સમિટમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ માટે ભારતના "MANAV" વિઝનની રૂપરેખા આપી છે. M- મોરલ એન્ડ એથિકલ સિસ્ટમ (નૈતિક અને નીતિગત પ્રણાલી); A- અકાઉન્ટેબલ ગવર્નન્સ (જવાબદાર શાસન); N- નેશનલ સોવરેનિટી વિથ એમ્ફસીસ ઓન ધ રાઇટ ટુ ડેટા (ડેટાના અધિકાર પર ભાર મૂકતું રાષ્ટ્રીય સાર્વભૌમત્વ); A- એક્સેસીબલ એન્ડ ઇન્ક્લુઝિવ ટેક્નોલોજી (સુલભ અને સમાવિષ્ટ ટેકનોલોજી); અને V- વેલિડ એન્ડ લેજિટિમેટ સિસ્ટમ (માન્ય અને કાયદેસર પ્રણાલીઓ). વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ AIને વાયરલેસ કોમ્યુનિકેશનનું એક ઐતિહાસિક પરિવર્તન તરીકે ગણાવ્યું છે. સાચી ક્ષમતા ફક્ત મશીનોને બુદ્ધિશાળી બનાવવાને બદલે માનવ ક્ષમતાઓના વિસ્તરણમાં રહેલી છે તેવો મત તેમણે દર્શાવ્યો છે.વડાપ્રધાનશ્રીના આ વિઝનને અનુસરતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતની AI પ્રત્યેની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવીને રાજ્યના આ વર્ષના બજેટમાં AI અને ડિજિટલ ગવર્નન્સ પહેલ માટે રૂ. 850 કરોડથી વધુની ફાળવણી કરવામાં આવી છે.ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ અને L&T વ્યોમા વચ્ચેના આ એમ.ઓ.યુ. ગુજરાતમાં વિશ્વ કક્ષાના AI-રેડી ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણ તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. એટલું જ નહિં, ભારતની AI ક્રાંતિમાં મોખરે રહેવા તેમજ નવીનતા, ટકાઉપણું અને સમાવિષ્ટ વિકાસને આગળ ધપાવવામાં ગુજરાતને વધુ સજ્જ બનાવતું કદમ છે

---

# વાણી તો અમરત વદાંનું 23 વર્ષ બાદ પુન:વિમોચન – કાગધામ મજાદર ખાતે ભવ્ય આયોજન

## દુલા ભાયા કાગની 49મી પુણ્યતિથિ નિમિત્તે રાજ્યસ્તરીય કાર્યક્રમ

કવિ કાગનાં જીવનદર્શન પર આધારિત પુસ્તક 'વાણી તો અમરત વદાં'નું 23 વર્ષ બાદ પુન:વિમોચન પ્રખ્યાત લોકસાહિત્યકાર પદ્મશ્રી કવિ દુલા ભાયા કાગનાં જીવનદર્શન પર આધારિત પુસ્તક 'વાણી તો અમરત વદાં'નું 23 વર્ષ બાદ પુન:વિમોચન થશે. રાજ્યનાં માહિતી ખાતાએ તૈયાર કરેલી નવી આવૃત્તિનું કવિ કાગની 49મી પુણ્યતિથિ નિમિત્તે અમરેલી જિલ્લામાં આવેલા કાગધામ મજાદરમાં વિમોચન કરવામાં આવશે.ગુજરાતી લોકસાહિત્યમાં શિરમોર કવિ કાગની પુણ્યતિથિ નિમિત્તે દર વર્ષે તેમના વતન મજાદર(કાગધામ) ખાતે કવિ કાગના જીવનદર્શન ઉપરાંત કાગવાણીના ભક્તિ, શૌર્ય તથા બીજા અનેક વૈવિધ્યસભર અમર કાવ્યોને યાદ કરી કવિકાગને શ્રધ્ધાસુમન અર્પણ કરવાના કાર્યક્રમનુ આયોજન કરવામાં આવે છે. આગામી તારીખ 21 ફેબ્રુઆરીના રોજ કવિ કાગની 49મી પુણ્યતિથિ નિમિત્તે યોજાનારા કાર્યક્રમ ‘કાગના ફળિયે કાગની વાતું’ કાર્યક્રમમાં આ નવસંસ્કરિત પુસ્તકનું વિમોચન કરવામાં આવશે.કવિ કાગની જન્મ શતાબ્દી નિમિત્તે માહિતી ખાતા દ્વારા ‘વાણી તો અમરત વદાં’ ગ્રંથનુ પ્રકાશન વર્ષ 2003માં કરવામાં આવ્યું હતું. હાલ આ ગ્રંથ અપ્રાપ્ય હોવાથી ગ્રંથના સંપાદક અંબાદાન રોહડિયાના પ્રયત્નોથી આ ગ્રંથનું નવું સંસ્કરણ તૈયાર કરવામાં આવ્યું છે. આગામી તારીખ ૨૧મી ફેબ્રુઆરીના રોજ મજાદર ખાતે યોજનારા કાર્યક્રમમાં કાગબાપુના કાવ્યોની સંગીતમય પ્રસ્તુતિ સાથે વિવિધ લેખકો, સાહિત્યકારો અને લોકકલાકારોને મળી ૨૫ જેટલા સર્જકોને લોકસાહિત્ય એવોર્ડ આપવામાં આવશે. પ્રખર રામાયણી શ્રી મોરારીબાપુના હસ્તે આ એવોર્ડનુ વિતરણ કરવામાં આવશે.આ નવસંસ્કરિત પુસ્તકમાં જૂના લેખોની સાથે નવા કેટલાક લેખોનો પણ ઉમેરો કરવામાં આવ્યો છે. આ ગ્રંથમાં કવિ કાગના સમગ્ર કર્તૃત્વ અને જીવનદર્શનને પાંચ ખંડોમાં સમાવિષ્ટ કરાયા છે. જેમાં વ્યક્તિત્વ અને વાઙ્મય સંસ્કૃતિ અને સમાજ, પ્રાચીન અને અર્વાચીનનો સમન્વય, કાગવાણી વિશેષ પરિપ્રેક્ષ્યમાં અને કાગવાણીના બહુવિધ પરિમાણોનો સમાવેશ થાય છે. આ ગ્રંથને અદ્યતન ટેકનોલોજી સાથે સજ્જ કરીને વધુ લોકસ્વીકૃત બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ગ્રંથમાં મુકાયેલ QR કોડ મોબાઇલની મદદથી સ્કેન કરવાથી કાગબાપુના કંઠે રજૂ થયેલ લોકરામાયણ, મહાભારત અને અન્ય કૃતિઓ આકાશવાણીના પ્રસંગો સાંભળી શકાશે. કવિ કાગની કહેણીની શૈલી અને કંઠની ઋજુતાને જન જન સુધી પંહોચાડવાનો આ આવકારદાયક પ્રયાસ છે. કવિ શ્રી કાગ વિષયક સ્વાધ્યાય લેખોને સમાવતો આ દળદાર ગ્રંથ વાચકો, સાહિત્યકારો અને લોક કલાકારોને કવિ કાગ અને તેમણે સર્જેલા સાહિત્યનો વિશેષ પરિચય આપશે અને અત્યંત ઉપયોગી બની રહેશે.

---

# જુના/નવા મોબાઇલ અને સીમ કાર્ડના વેપારીઓ માટે રજીસ્ટર નિભાવવું ફરજીયાત

જુના/નવા મોબાઇલ ફોન અને સીમ કાર્ડના ખરીદ વેચાણ કરનારા વેપારીઓએ રજીસ્ટર નિભાવવાના રહેશે રાજયમાં બનતા ગુન્હાઓમાં મોબાઇલ ફોનના ઉપયોગ થાય છે તેમજ મોબાઇલ ચોરીના ગુન્હાઓનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ અથવા થયેલ મોબાઇલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુન્હાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે.ઘણી વખતે મોબાઇલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, તેમણે કોઇ અજાણ્યા માણસ પાસેથી મોબાઇલ ખરીદેલ છે જે મોબાઇલ વેચનાર/ખરીદ કરનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી. અને મોબાઇલ ટ્રેકીંગ કરી અને ગુન્હાના મુળ સુધી પહોંચે ત્યારે એવું જાણવા મળે છે કે મોબાઇલ કોઇ અજાણી વ્યકતિએ આપેલ છે અને તેને હું ઓળખતો નથી તેમ જાણવા મળે છે જેથી તપાસમાં કોઇ ફળદાયક હકીકત મળતી નથી.આ બાબતે કોઇ વ્યકિતઓ મોબાઇલ/ સીમકાર્ડ હેન્ડ સેટ વિગેરે અગર ઓળખકાર્ડ અથવા કોઇ પણ ઓળખપત્ર વગર લેનાર/વેચનારની જવાબદારી નકકી કરવી અને પ્રસ્તુત બાબતે આવા ગુન્હાઓના મુળ સુધી પહોંચી સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના મોબાઇલના વપરાશકારે તે મોબાઇલ કોની પાસેથી ખરીદયો અથવા કોન વેચ્યો તે જાણવું જરૂરી જણાતા જિલ્લાના મેજિસ્ટ્રેટ અને કલેકટરશ્રીને મળેલ સત્તાની રૂએ સમગ્ર જિલ્લામાં જુના મોબાઇલ લે-વેચ કરનાર વેપારીએ મોબાઇલ લેતા પહેલા મોબાઇલ વેચનારનું તથા જુના મોબાઇલ વેચતી વખતે મોબાઇલ ખરીદનારાનું ઓળખ અંગેનું પુરેપુરુ તે માટે નિયત વિગતે સાથેના રજીસ્ટરો નિભાવવાનો હુકમ જારી કર્યા છે.જુના મોબાઇલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાના રજીસ્ટરમાં મોબાઇલની વિગત/કંપની તથા IMEI No. તેમજ મોબાઇલ વેંચનાર/ ખરીદનારનું નામ, સરનામાની વિગત અને ID પ્રુફની વિગત દર્શાવવાની રહેશે. જયારે જુના મોબાઇલ વેચતી વખતે વેપારીએ નિભાવવાના રજીસ્ટરમાં મોબાઇલની વિગત/કંપની તથા IMEI No. તેમજ મોબાઇલ વેંચાનાર/ ખરીદનારનું નામ, સરનામાની વિગત અને ID પ્રુફની વિગત દર્શાવવાની રહેશે. આ હુકમ તાત્કાલિક અસરથી અમલમાં રહેશે. આ હુકમ ૨૧/૦૪/ ૨૦૨૬ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની જોગવાઇ મુજબ શિક્ષાને પાત્ર થશે.

*****************************************************************************